©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, JULY 17 2025 / ASADHA 26, 1947** **[No. 29**

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	2401-2463
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	29
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	57
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1119-1157

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામુ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સને ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.

ક્રમાંકઃજી/સીપી/વિ.શા./ઘરઘાટી/૧૦૯૫/૨૦૨૫.–છેલ્લાં કેટલાય સમયથી વડોદરા શહેરમાં બનેલ ગંભીર ગુન્હાઓમાં ઘરઘાટી/ નોકરની સંડોવણી જણાયેલ છે. જે જોતાં ઘરઘાટી/નોકર તથા નોકરી પર રાખવામાં આવેલ કર્મચારી જાહેર સુલેહશાંતિને કેટલાંક માણસની જીંદગીની ખુવારી તથા લોકોની સંપતિને નુકશાન પહોંચાડી રહેલ છે.

મહદઅંશે ઘરઘાટી/નોકરો/નોકરી ઉપર રાખવામાં આવેલ કર્મચારી શહેર બહારના હોય છે અને ગુન્હો કરી જતાં રહેતાં હોય છે, તેઓ વિશે માલિક પાસે અગર પોલીસ પાસે માહિતી હોતી નથી. પરીણામે તેઓને પકડવા મુશ્કેલ ભર્યુ બને છે. જેથી ઘરઘાટી/ નોકરો /નોકરી ઉપર રાખવામાં આવતા કર્મચારીને નોકરી રાખતા માલિકો ઉપર થોડા નિયંત્રણ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સને ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં કોઈ મકાન માલિક/મકાન ભાડુઆત, તમામ પ્રકારના હોટેલ, રેસ્ટોરેન્ટ, આહાર ગૃહો, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, રેસ્ટ હાઉસ, જીમ, હેલ્થક્લબ, રીસોર્ટ, સ્પા, ના માલિકો જ્યારે કોઈ વ્યક્તિને ઘરઘાટી/નોકર/નોકરી ઉપર રાખવામાં આવતા કર્મચારી ને કામ પર રાખે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને તેવા કામ ઉપર રાખી શકશે નહિ અને માલિકે આ બાબતે નીચેના કોલમ મુજબની માહિતી ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીના ફોટોગ્રાફ સાથે સબંધીત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં	વિગત	ભરવાની થતી વિગત
૧.	ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીનું પુરૂ નામ:	
૨.	ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીનું ઓળખકાર્ડ:	
૩.	ઘરઘાટી/નોકર/ નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીનું વડોદરા શહેરનું સરનામુ તથા તેની સાથેના માણસોની વિગત :	
૪.	જેનાં ઘરે ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારી તરીકે કામ કરતાં હોય તે માલિકનું નામ-સરનામુ	
૫.	બાંહેધરી અગર જેનાં મારફતે ઘરઘાટી/ નોકર/ નોકરી પર રાખવામાં આવેલ કર્મચારી તરીકે રાખેલ હોય તેનું નામ, સરનામુ.	
૬.	અગાઉ ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારી તરીકે કામ કરેલ હોય તે માલિકનું નામ,સરનામુ.	
૭.	વડોદરામાં ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીના ઓળખીતાનાં નામ, સરનામા તથા ટેલીકોન/ મોબાઈલ નંબર.	
૮.	ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીના વતનનું સરનામુ પોલીસ સ્ટેશન સહીત તથા વતનમાં તેના ભાઈ, બહેન, માતા-પિતાનાં નામો.	
૯.	ઘરઘાટી/નોકર/નોકરી પર રાખવામાં આવેલ કર્મચારીના ચહેરા નિશાન, ઉંમર, વર્ષ, ઉંચાઈ, વર્ણન, અભ્યાસ વિગેરે (ઓળખી શકાય તેવી નિશાની)	

આ હુકમ તા.૨૬/૦૨/૨૦૨૫ કલાક:૦૧/૦૦ થી તા.૨૬/૦૪/૨૦૨૫ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરનો દરજ્જાના કોઈપણ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૫/૦૨/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(BNSS-૨૦૨૩) કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક :G/CP/વિ.શા:/પરીક્ષા જાહેરનામું/૧૦૯૯/૨૦૨૫.- વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી ક.૧૦/૦૦ થી ક.૧૮/૩૦ દરમ્યાન ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૨૫ ની SSC/HSC પરીક્ષા વડોદરા શહેર વિસ્તારમાં કુલ-૧૬૭ કેન્દ્રો ઉપર પરીક્ષા લેવામાં આવનાર છે. જે સ્કુલ/હાઈસ્કુલોમાં પરીક્ષા લેવામાં આવનાર છે, તે કેન્દ્રોની યાદી નીચે મુજબ છે.

આ પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતીઓ ન થાય પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ પરીક્ષાના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષાઓમાં ગેરરીતીઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવાનો જરુરી જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S, પોલીસ કમિશ્નર, વડોદરા શહેર જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીનાં પત્ર ક્રમાંક: ક-૭/બોર્ડ/પરીક્ષા/૨૦૨૫/૭૪૯ તા.૧૧/૦૨/૨૦૨૫ ના આધારે તથા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર : જીજી/૬/ફક/૧૦૮૮/૬૭૫૦/મ. જેમાં . વડોદરા શહેરનાં પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને મદદનીશ પોલીસ કમિશ્નર ને એકઝી મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય, તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે (પરીક્ષાના દિવસો દરમયાન) નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છે.

-:કૃત્યો:-

(૧) વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો (સ્કુલ / હાઈસ્કુલ) માં પરીક્ષા લેવાનાર છે જે-તે પરીક્ષા કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ ના રોજ ક.૦૮/૦૦ થી ક.૨૦/૩૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઈ પણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન,વાયરલેસ, સ્માર્ટવોચ, બ્લુટુથ, કેમેરા, લેપટોપ સાહિત્ય વિગેરે લઈ જવા ઉપર કે ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

(૨) પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમા ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી,

(3) પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટરના અંતરમા ઝેરોક્ષ, ફોટોકોપી, પ્રિન્ટીંગની દુકાનો ચાલુ રાખી શકાશે નહી.

(૪) પરીક્ષા સ્થળની આજુબાજુ લાઉડ સ્પિકર વગાડી શકાશે નહી.

(૫) પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાઈ નહીં તે માટે સવારે ક,૦૮/૦૦ થી ૨૦/૩૦ કલાક દરમ્યાન ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૬) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમયાન બિનઅધિકૃત વ્યકતિઓ પ્રવેશ કરી શકશે નહી.

-: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષા કેન્દ્રની શાળાઓ / હાઈસ્કુલની વિગત નીચે મુજબ છે.

પત્રક -અ

રાવપુરા- ૫૬ - SSC

મહારાણી ચીમનાબાઈ હાઈસ્કુલ સલાટવાડા

અ.નં	કેન્દ્રનું નામ	ક્રમ	શાળાનું નામ	પોલીસ સ્ટેશન
૧	રાવપુરા - ૬૫૧૦	૧	બરોડા હાઈસ્કુલ બગીખાના	નવાપુરા
		૨	નવજીવન હાઈસ્કુલ બગીખાના	નવાપુરા
		૩	મહારાણી કન્યા વિદ્યાલય સુરસાગર	રાવપુરા
		૪	શારદા મંદીર હાઈસ્કુલ સલાટવાડા	કારેલીબાગ
૨	માંડવી-૬૫૧૧	૫	સયાજી બોયઝ હાઈસ્કુલ માંડવી	વાડી
		૬	ઝેનીથ હાઈસ્કુલ પ્રતાપનગર ડભોઈ રોડ	વાડી
		૭	સ્વામી વિધ્યાનંદજી વિદ્યાવિહાર પ્રતાપનગર રોડ	વાડી
		૮	આર & કે પંડયા હાઈસ્કુલ ચિત્તેખાન ગલી	વાડી
		૯	એમ.ઈ.એસ.ગર્લ્સ હાઈસ્કુલ	વાડી

અ.નં	કેન્દ્રનું નામ	ક્રમ	શાળાનું નામ	પોલીસ સ્ટેશન
૩	ઈન્દ્રપુરી - ૬૫૨૬	૧૦	શ્રી વલ્લભ વિધામંદીર ડભોઇ રીંગ રોડ	પાણીગેટ
		૧૧	એસ.એસ.વી.સ્કુલ-૩, બાપોદ	બાપોદ
		૧૨	સ્વામી વિવેકાનંદ વિદ્યાલય પરીવાર ચાર રસ્તા	પાણીગેટ
		૧૩	શ્રી અંબે વિધ્યાલય(ગુ.મા) વાઘોડીયા રોડ	કપુરાઇ
		૧૪	એસ.એસ.વી. સ્કુલ -૨	પાણીગેટ
		૧૫	હેવન વિદ્યાલય વાઘોડીયા રોડ	બાપોદ
		૧૬	પરીવાર વિધાલય આજવા રોડ	પાણીગેટ
		૧૭	ઉમિયા વિદ્યાલય, ઉમા નગર	કપુરાઇ
૪	આજવા- ૬૫૨૭	૧૮	સરદાર વલ્લભભાઈ વિદ્યાલય આજવા રોડ	બાપોદ
		૧૯	ગુરૂકુલ વિદ્યાલય (યુનિટ-૧) વારસીયા રોડ	વારસીયા
		૨૦	ગુરૂકુલ વિદ્યાલય (યુનિટ-૨) વારસીયા રોડ	વારસીયા
		૨૧	શિવમ વિદ્યાલય, આજવા રોડ	બાપોદ
		૨૨	રઘુકુળ વિદ્યાલય ન્યુ V.I.P રોડ	બાપોદ
		૨૩	વિધામંદીર વિદ્યાલય, હરણી વારસીયા રીંગ રોડ	વારસીયા
૫	વારસીયા - ૬૫૨૮	૨૪	એમ.ઈ.એસ.બોયઝ હાઈસ્કુલ યાકુતપુરા	સીટી
		૨૫	વિનય વિદ્યાલય, ફતેપુરા	સીટી
		૨૬	હરીસેવા ગર્લ્સ હાઈસ્કુલ વારસીયા	વારસીયા
૬	વડોદરા જેલ-૯૯૦૯	૨૭	જેલ બિલ્ડીંગ	રાવપુરા

પત્રક -અ

મકરપુરા- ૫૭ - SSC

પંચશીલ વિદ્યાલય માંજલપુર

અ.નં	કેન્દ્રનું નામ	ક્રમ	શાળાનું નામ	પોલીસ સ્ટેશન
૧	મકરપુરા - ૬૫૧૩	૧	ડોન બોસ્કો હાઈસ્કુલ મકરપુરા	માંજલપુર
		૨	ન્યુ ઈરા હાઈસ્કુલ મકરપુરા	મકરપુરા
		૩	ઓકઝેલિયમ કોન્વેન્ટ સ્કુલ મકરપુરા	માંજલપુર
		૪	શિવમ વિદ્યાલય માંજલપુર	માંજલપુર
		૫	સંત બેસીલ સ્કુલ જામ્બુવા	મકરપુરા
		૬	યાન્શી હાઈસ્કુલ મકરપુરા	માંજલપુર
૨	અકોટા - ૬૫૨૨	૭	વિદ્યુતબોર્ડ વિદ્યાલય પાદરા રોડ અકોટા	અકોટા
		૮	કેળવણી ટ્રસ્ટ વિદ્યાલય અકોટા	અકોટા
		૯	એચ.એસ.પટેલ હાઈસ્કુલ અકોટા	રાવપુરા
		૧૦	વિદ્યાકુંજ હાઈસ્કુલ અકોટા	રાવપુરા
		૧૧	ગુજરાત પબ્લીક સ્કુલ અકોટા	અટલાદરા

અ.નં	કેન્દ્રનું નામ	ક્રમ	શાળાનું નામ	પોલીસ સ્ટેશન
૩	માંજલપુર - ૬૫૩૦	૧૨	મહાત્મા ગાંધી વિદ્યાલય માંજલપુર	માંજલપુર
		૧૩	શ્રેયસ વિદ્યાલય માંજલપુર	મકરપુરા
		૧૪	પંચશીલ વિદ્યાલય માંજલપુર	માંજલપુર
		૧૫	જય અંબે વિધાલય માંજલપુર	માંજલપુર
		૧૬	શ્રી સ્વામી વિવેકાનંદ મકરપુરા	માંજલપુર
૪	મકરપુરા (તરસાલી)-૬૫૩૧	૧૭	બરોડા હાઈસ્કુલ તરસાલી	મકરપુરા
		૧૮	કિરણ શેઠી શ્રી સ્વામી નારાયણ વિદ્યાલય તરસાલી	કપુરાઈ
		૧૯	શાંતિનીકેતન વિદ્યાલય, માણેજા, મકરપુરા	મકરપુરા
		૨૦	શ્રીમતી એમ.સી.પટેલ ઉમા વિદ્યાલય મકરપુરા	મકરપુરા

પત્રક -અ

કારેલીબાગ - ૫૮ - SSC

સરદાર વિનય મંદીર કારેલીબાગ

અ.નં	કેન્દ્રનું નામ	ક્રમ	શાળાનું નામ	પોલીસ સ્ટેશન
૧	સયાજીગંજ-૬૫૦૯	૧	રોઝરી હાઈસ્કુલ પ્રતાપગંજ	સયાજીગંજ
		૨	હિલ મેમોરીયલ હાઈસ્કુલ ફતેગંજ	સયાજીગંજ
		૩	કોન્વેન્ટ ઓફ જિસસ એન્ડ મેરી ગર્લ્સ સ્કુલ	ફતેગંજ
		૪	સંત જોશેફ હાઈસ્કુલ છાણી રોડ	ફતેગંજ
		૫	વેબ મેમોરીયલ સ્કુલ, ફતેગંજ	ફતેગંજ
૨	કારેલીબાગ-૬૫૧૨	૬	લાલબહાદુર શાસ્ત્રી વિધાલય હરણી રોડ	કારેલીબાગ
		૭	બ્રાઈટ ઈંગ્લીસ સ્કુલ અંગ્રેજી માધ્યમ	હરણી
		૮	સાધુ વાસવાણી સ્કુલ	વારસીયા
		૯	શ્રી જે.આર.શાહ બ્રાઈટ ડે સ્કુલ	હરણી
		૧૦	સર્વમંગલ સ્કુલ	હરણી
		૧૧	ઉર્મી સ્કુલ અંગ્રેજી માધ્યમ ન્યુ. સમા રોડ	સમા
		૧૨	શ્રી નારાયણ વિદ્યાલય હરણી રોડ	વારસીયા
૩	સમા-૬૫૨૫	૧૩	નવયુગ વિધાલય અંગ્રેજી માધ્યમ સ્કુલ	સમા
		૧૪	માર્ક ગેગોરીયલ મેમોરીયલ સ્કુલ ન્યું સમા રોડ	સમા
		૧૫	જીવન ચેતના વિદ્યાલય	સમા
		૧૬	નુતન વિદ્યાલય સમા	સમા
		૧૭	શ્રી સરસ્વતિ વિદ્યાલય નીઝામપુરા	ફતેગંજ
		૧૮	શ્રી રામસૈનીક હિંદી વિદ્યાલય	સમા
૪	કારેલીબાગ-૧-૬૫૨૯	૧૯	સરદાર વિનય મંદિર, કારેલીબાગ	કારેલીબાગ
		૨૦	શ્રી કૃષ્ણ હિન્દી વિદ્યાલય કારેલીબાગ	કારેલીબાગ
		૨૧	જીવન સાધના અંગેજી માધ્યમ હાઈસ્કુલ ભૂતડીઝાંપા	કારેલીબાગ
		૨૨	ન્યું ઈરા ગર્લ્સ હાઈસ્કુલ ભુતડીઝાંપા	કારેલીબાગ
૫	રાયકા -૬૫૪૫	૨૩	નંદેસરી વિધાલય નંદેસરી	નંદેસરી

પત્રક -અ

ગોત્રી - ૫૯ - SSC

ગાયત્રી વિદ્યાલય ગોત્રી

અ.નં	કેન્દ્રનું નામ	ક્રમ	શાળાનું નામ	પોલીસ સ્ટેશન
૧	અલકાપુરી- ૬૫૦૮	૧	એલેમ્બીક વિદ્યાલય ગોરવા રોડ	ગોરવા
		૨	સત્ય નારાયણ વિદ્યાલય ગોરવા	ગોરવા
		૩	બરોડા હાઈસ્કુલ અલકાપુરી	સયાજીગંજ
		૪	વિદ્યાવિકાસ વિદ્યાલય સુભાનપુરા	ગોરવા
		૫	તેજસ વિદ્યાલય સુભાનપુરા	ગોરવા
		૬	રીલાયન્સ ફાઉંડેશન, સુભાનપુરા	ગોરવા
૨	બાજવા - ૬૫૧૪	૭	વાકળ વિદ્યાલય યુનિટ-૧ બાજવા	જવાહરનગર
		૮	વાકળ વિદ્યાલય યુનિટ-૧ બાજવા	જવાહરનગર
		૯	ગુજરાત રીફાઈનરી ઈંગ્લીશ મિડીયમ સ્કુલ,બાજવા	જવાહરનગર
		૧૦	મહિરેવા આદર્શ વિદ્યાલય, બાજવા	જવાહરનગર
૩	વાસણા-૬૫૨૩	૧૧	ઉત્કર્ષ વિદ્યાલય, ગદાપુરા હરીનગર	અકોટા
		૧૨	શબરી વિદ્યાલય વાસણા રોડ	અકોટા
		૧૩	સંત કબીર વિદ્યાલય અંગ્રેજી માધ્યમ વાસણા રોડ	ગોત્રી
		૧૪	જ્ઞાનયજ્ઞ વિદ્યા મંદિર	અટલાદરા
		૧૫	રાઈટ વે સ્કુલ, તાંદલજા	જે.પી.
૪	ગોત્રી - ૬૫૨૪	૧૬	ગાયત્રી વિદ્યાલય ગોત્રી	ગોત્રી
		૧૭	સી.એચ. વિદ્યાલય ગોત્રી	ગોરવા
		૧૮	રામેશ્વર વિદ્યાલય ગોત્રી રોડ	ગોત્રી
		૧૯	શ્રી રંગઅવધુત વિધાલય ગોત્રી	ગોત્રી
		૨૦	શ્રી વિદ્યામંદિર વિદ્યાલય	લક્ષ્મીપુરા
૫	છાણી-૬૫૩૫	૨૧	ગંગાબાઈ સાર્વજનીક હાઈસ્કુલ છાણી	છાણી
		૨૨	એમ.પી. પટેલ હાઈસ્કુલ, દશરથ	છાણી
		૨૩	ગુજરાત પબ્લીક સ્કુલ યુનિટ-૧	છાણી

પત્રક -બ

માંડવી - ૨૭ - HSC (વિજ્ઞાન પ્રવાહ)

સરકારી બુનીયાદ સ્ત્રી અધ્યાપન મંદિર સુરસાગર

અ.નં	કેન્દ્રનું નામ	ક્રમ	શાળાનું નામ	પોલીસ સ્ટેશન
૧	માંડવી-૧૫૦૨	૧	ઝેનીથ હાઈસ્કુલ	વાડી
૨	ઈન્દ્રપુરી-૧૫૦૩	૨	સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યાલય	બાપોદ
		૩	એસ.એસ.વી.સ્કુલ, બાપોદ - ૧	બાપોદ
		૪	એસ.એસ.વી.સ્કુલ, બાપોદ - ૨	બાપોદ
		૫	શ્રી સ્વામી વિવેકાનંદ વિદ્યાલય -૧	પાણીગેટ
		૬	શ્રી સ્વામી વિવેકાનંદ વિદ્યાલય -૨	પાણીગેટ

અ.નં	કેન્દ્રનું નામ	ક્રમ	શાળાનું નામ	પોલીસ સ્ટેશન
૩	રાવપુરા-૧૫૦૭	૭	સરદાર વિનય મંદિર હાઈસ્કુલ	કારેલીબાગ
		૮	જીવન સાધના ગુજરાતી મીડીયમ	કારેલીબાગ
		૯	જે.આર.શાહ બ્રાઈટ ડે સ્કુલ	હરણી
૪	સમા-૧૫૦૮	૧૦	લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાલય સંગમ	કારેલીબાગ
		૧૧	બ્રાઈટ ઈંગ્લિશ સ્કુલ	હરણી
૫	માંજલપુર-૧૫૦૯	૧૨	ડોન બોસ્કો હાઈસ્કુલ	માંજલપુર
		૧૩	બરોડા હાઈસ્કુલ સિનીયર (બગીખાના)	મકરપુરા
		૧૪	બરોડા હાઈસ્કુલ ઓ.એન.જી.સી	મકરપુરા
		૧૫	શ્રેયસ હાઈસ્કુલ	મકરપુરા
		૧૬	ન્યુ ઈરા હાઈસ્કુલ	મકરપુરા
		૧૭	નવજીવન હાઈસ્કુલ	નવાપુરા
		૧૮	મહારાણી કન્યા વિદ્યાલય	રાવપુરા
		૧૯	ફોનિકસ સ્કુલ	માંજલપુર

પત્રક -બ

માંડવી - ૨૭ - HSC (સામાન્ય પ્રવાહ)

સરકારી બુનીયાદ સ્ત્રી અધ્યાપન મંદિર સુરસાગર

અ.નં	કેન્દ્રનું નામ	ક્રમ	શાળાનું નામ	પોલીસ સ્ટેશન
૧	માંડવી-૧૫૦૨	૧	સયાજી બોયઝ હાઈસ્કુલ	વાડી
		૨	આર & કે પંડયા હાઈસ્કુલ	વાડી
		૩	એમ.ઈ.એસ.બોયસ હાઈસ્કુલ	સીટી
		૪	વિનય વિદ્યાલય	સીટી
૨	ઈન્દ્રપુરી-૧૫૦૩	૫	ગુરૂકુળ વિદ્યાલય	વારસીયા
		૬	રઘુકુલ વિદ્યાલય	બાપોદ
		૭	એસ.ડી પટેલ વિદ્યાલય	બાપોદ
		૮	એસ.એસ.વી.સ્કુલ	પાણીગેટ
		૯	ક્રિસ્ટલ સ્કુલ	કપુરાઈ
		૧૦	નારાયણ ઈન્ટર નેશનલ સ્કુલ	કપુરાઈ
૩	રાવપુરા-૧૫૦૭	૧૧	શ્રી કૃષ્ણ હિન્દી વિદ્યાલય	કારેલીબાગ
		૧૨	ધ ન્યુ ઈરા ગર્લ્સ હાઈસ્કુલ	કારેલીબાગ
		૧૩	શારદા મંદીર હાઈસ્કુલ	કારેલીબાગ
		૧૪	જલારામ વિદ્યાલય	કારેલીબાગ
૪	સમા-૧૫૦૮	૧૫	શ્રી ઉર્મી સ્કુલ	સમા
		૧૬	એમ.જી.એમ. વિધાલય	સમા
		૧૭	શ્રી નારાયણ વિદ્યાલય વિધાલય	વારસીયા

અ.નં	કેન્દ્રનું નામ	ક્રમ	શાળાનું નામ	પોલીસ સ્ટેશન
૫	માંજલપુર-૧૫૦૯	૧૮	લાલ બહાદુર શાસ્ત્રી વિદ્યાલય	મકરપુરા
		૧૯	એચ.એસ.પટેલ હાઈસ્કુલ	રાવપુરા
		૨૦	પંચશીલ હાઈસ્કુલ	માંજલપુર
		૨૧	અંબે વિદ્યાલય	માંજલપુર
		૨૨	શ્રી સ્વામી વિવેકાનંદ વિદ્યાલય	માંજલપુર
૬	પ્રતાપનગર-૧૫૧૪	૨૩	સ્વામી વિધાનંદજી વિદ્યા વિહાર	વાડી
		૨૪	ઓકઝેલીયમ કોન્વેન્ટ હાઈસ્કુલ	માંજલપુર
૭	મુકબધિર -૧૫૧૯	૨૫	આર્ય કન્યા વિધાલય	કારેલીબાગ
૮	સેન્ટ્રલ જેલ -૧૫૨૦	૨૬	સેન્ટ્રલ જેલ	રાવપુરા

પત્રક -બ

સયાજીગંજ-૨૮-HSC (સામાન્ય પ્રવાહ)

હીલ મેમોરીયલ સ્કુલ ફતેગંજ

અ.નં	કેન્દ્રનું નામ	ક્રમ	શાળાનું નામ	પોલીસ સ્ટેશન
૧	સયાજીગંજ-૧૫૦૪	૧	શ્રી ગાયત્રી વિદ્યાલય	ગોત્રી
		૨	સી.એચ.વિધાલય	ગોરવા
		૩	વિદ્યા વિહાર હાઈસ્કુલ(રીલાયન્સ ફાઉંડેશન)	ગોરવા
		૪	શ્રી વિદ્યા મંદિર વિદ્યાલય	લક્ષ્મીપુરા
		૫	રાઈટ વે સ્કુલ	જે.પી
૨	ફતેગંજ-૧૫૦૫	૬	નવયુગ વિદ્યાલય (અંગ્રેજી માધ્યમ)	સયાજીગંજ
		૭	આર.સી. પટેલ નવયુગ હાઈસ્કુલ	સયાજીગંજ
		૮	શ્રી તુલસીદાસ આર.પટેલ વિધાલય	ફતેગંજ
		૯	જીવનચેતના વિદ્યાલય	સમા
૩	અટલાદરા-૧૫૦૬	૧૦	શબરી વિધાલય	અકોટા
		૧૧	કેળવણી ટ્રસ્ટ વિદ્યાલય	અકોટા
		૧૨	વિધાકુંજ હાઈસ્કુલ	રાવપુરા
		૧૩	ગુજરાત પબ્લીક સ્કુલ	અટલાદરા
૪	છાણી - ૧૫૧૬	૧૪	ગંગાબાઈ સાર્વજનિક હાઈસ્કુલ	છાણી
		૧૫	મહીરેવા હાઈસ્કુલ	જવાહરનગર
		૧૬	ગુજરાત રીફાઈનરી અંગ્રેજી માધ્યમ સ્કુલ	જવાહરનગર
		૧૭	એમ.પી.પટેલ હાઈસ્કુલ	છાણી

પત્રક -બ

સયાજીગંજ-૨૮-HSC (વિજ્ઞાન પ્રવાહ)

હીલ મેમોરીયલ સ્કુલ ફતેગંજ

અ.નં	કેન્દ્રનું નામ	ક્રમ	શાળાનું નામ	પોલીસ સ્ટેશન
૧	સયાજીગંજ-૧૫૦૪	૧	એલેમ્બિક વિદ્યાલય, ગોરવા રોડ	ગોરવા
		૨	બરોડા હાઈસ્કુલ, અલ્કાપુરી	સયાજીગંજ
		૩	સત્યનારાયણ સ્કુલ, ગોરવા	ગોરવા

અ.નં	કેન્દ્રનું નામ	ક્રમ	શાળાનું નામ	પોલીસ સ્ટેશન
૨	ફતેગંજ-૧૫૦૫	૪	કોન્વેન્ટ ઓફ જીસસ એન્ડ મેરી ગલ્સ સ્કુલ	ફતેગજ
		૫	રોઝરી હાઈસ્કુલ, પ્રતાપગંજ	સયાજીગંજ
		૬	હીલ મેમોરીયલ હાઈસ્કુલ	સયાજીગંજ
		૭	સંત જોપફ સ્કુલ, ફતેગંજ	ફતેગંજ
		૮	વેબ મેમોરીયલ સ્કુલ	ફતેગંજ
૩	અટલાદરા-૧૫૦૬	૯	વિધુત વિદ્યાલય, (ગુ,મા)	અકોટા
		૧૦	ઉત્કપ વિદ્યાલય	અકોટા
		૧૧	વિદ્યુત વિદ્યાલય (અ.મા.)	અકોટા
		૧૨	સંત કબીર સ્કુલ	ગોત્રી
		૧૩	તેજસ વિદ્યાલય	ગોરવા

-: અપવાદ :-

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.

પરીક્ષા ફરજમા રોકાયેલ ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડના તથા પરીક્ષાની 6 ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

-: શિક્ષા :-

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નર થી અ.હે.કો સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

:-સમયગાળો:-

આ હુકમ પરીક્ષાના દિવસો દરમયાન તા.૨૭/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધી ના ક.૦૮/૦૦ થી ક.૨૦/૩૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૨૫/૦૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક:જી/સીપી/વિ.શા./હોળી-ધુળેટી જાહેરનામુ/૧૩૬૫/૨૦૨૫.-આગામી તા.૧૩/૦૩/૨૦૨૫ના રોજ હોળી અને તા.૧૪/૦૩/૨૦૨૫ નારોજ ધુળેટીની ઉજવણી કરવામાં આવનાર છે. સામાન્ય સંજોગોમાં હોળી/ધુળેટીના તહેવારોની ઉજવણી માટે લોકો સોસાયટી,શેરી, નાકા જાહેર સ્થળો, ખુલ્લા મેદાનો તથા રસ્તાઓ પર મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય છે. આ તહેવારોની ઉજવણી દરમ્યાન જાહેર જગ્યાઓએ જતા-આવતા રાહદારીઓ તથા વાહનોમાં આવતા-જતા લોકો પાસેથી હોળી-ધુળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવવા તેઓ ઉપર રંગ, રંગ મિશ્રિત પાણી, કાદવ અથવા તૈલી વસ્તુઓ અથવા આવી બીજી કોઇ વસ્તુઓ ફેંકવાની શકયતા છે. આવા કૃત્યોથી જાહેર જનતાને અડચણ, ત્રાસ અથવા ઈજા થવાની અથવા જાહેર સુલેહ શાંતીનો ભંગ થવાની શકયતા નકારી શકાય નહીં. જેથી શહેર વિસ્તારમાં આવા કૃત્યો પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

તેથી હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છુ.

વડોદરા શહેરના પોલીસ કમિશ્નરની હુકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૧/૦૩/૨૦૨૫ ના કલાક ૦૦,૦૦ થી તારીખ ૧૭/૦૩/૨૦૨૫ ના કલાક ૨૪:૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) કોઈપણ વ્યકિતઓ જાહેર જગ્યાએ આવતા જતા રાહદારીઓ ઉપર અથવા મકાનો અથવા મિલ્કતો/ વાહનો ઉપર અથવા વાહનોમાં જતા આવતા શખ્સો ઉપર કાદવ, કિચડ, રંગ, કેમીકલ અથવા રંગ મિશ્રિત કરેલ પાણી અથવા તૈલી અથવા આવી બીજી કોઈ વસ્તુઓ નાખવી કે નંખાવવી નહીં અથવા હોળી ધૂળેટીના પૈસા (ગોઠ) ઉઘરાવવા નહીં.

શિક્ષાઃ-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ. ૧૦/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

હુકમઃ-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંકઃજી/સીપી/વિ.શા./હોળી-ધુળેટી જળાશય/૧૩૬૬/૨૦૨૫.-આગામી તા.૧૩/૦૩/૨૦૨૫ ના રોજ હોળી અને તા.૧૪/૦૩/૨૦૨૫ નારોજ ધુળેટીની ઉજવણી કરવામાં આવનાર છે. વડોદરા શહેરમા કુદરતી નદી, કૃત્રિમ તળાવો, નહેર, જળાશયોમાં પાણીમાં ન્હાવા જવાથી ઈસમો ડુબી જવાની ઘટનાઓ ભુતકાળમા બનેલ છે. આગામી હોળી ધુળેટીના તહેવારો દરમ્યાન નદીમા તેમજ તળાવોમાં ઈસમો ન્હાવા જવાથી દુર્ઘટનાઓ બને તેમ છે. જેથી આવી દુર્ઘટના ટાળવી જરૂરી જણાય છે જેથી વડોદરા શહેર વિસ્તારમાં આવા કૃત્યો પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

તેથી હું નરસિમ્હા કોમાર, I.P.S, પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છુ.

વડોદરા શહેરના પોલીસ કમિશ્નરની હુકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આવેલ કુદરતી નદી, કૃત્રિમ તળાવો, નહેર, જળાશયોમાં ન્હાવા કે અન્ય કામે જવા પર પ્રતિબંધ ફરમાવુ છુ.

અમલવારીનો સમય તથા વિસ્તાર

વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હુકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આ જાહેરનામું તારીખ.૧૩/૦૩/૨૦૨૫ ના કલાક.૦૦/૦૦ થી તારીખ.૧૪/૦૩/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષાઃ-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૦/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ એક્ટ કલમ ૩૩(૧), ૩૭(૧) (એફ) અન્વયે કાઢેલ. :

ક્રમાંક :G/CP/વિ.શા./ ધ્વનિ પ્રદૂષણ જાહેરનામું/૧૩૮૩/૨૦૨૫.–વડોદરા શહેરમાં કોઈ પણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરુરી છે.

દરેક માઈક સીસ્ટમવાળા.એ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં.ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા.૧૪/૦૫/૨૦૧૦થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા.૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં

તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

:: નોઈઝ સ્ટાન્ડર્ડ ::

એરીયા કોડ વિસ્તાર		રેસીબલ DB(A) Leq	
		સવારના ક.૦૬:૦૦ થી રાત્રીના ક.૨૨:૦૦	રાત્રીના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬: ૦૦
એ	ઔદ્યોગીક	૭૫	૭૦
બી	વાણિજય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તા.૧૧/૦૧/૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આર્કષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬:૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

-:: હુકમ ::-

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S. પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/ એમ. અન્વયે જે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૪ નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનર શ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓને એકઝી.મેજી.તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:અમલવારીનો સમય:-

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૧૩/૦૩/૨૦૨૫ના કલાક:૦૧-૦૦ થી તા.૨૭/૦૩/૨૦૨૫ના કલાક: ૨૪-૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

-: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રી હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

-: પ્રતિબંધિત કૃત્ય :-

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર વડોદરા શહેરના પોલીસ કમિશ્નરની હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહી.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો /ગીતોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/ કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ર્ડડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ર્ડડ હોવુ જોઈએ તે જોતા ડી.જે.સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો નો અને જોગવાઈ ઓનો ઉલંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

૫. વાહનોમાં સાઉન્ડ લિમિટરના ઉપયોગ વગર સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવી નહી.

૬. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૯ના નોટિફિકેશન નં-GPCB/LGL: NGT:GENERAL:115(2)/528796 મુજબ કોઈપણ ઉત્પાદક/વેપારી/દુકાનદાર/વાહન-ચાલક/કોઈપણ એજન્સી કે વ્યકતિએ સાઉન્ડ લિમિટર (ધ્વનિ નિયંત્રક) વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડ સ્પીકર/સાઉન્ડ સિસ્ટમનુ વેચાણ/ખરીદી/સપ્લાય કે ઉપયોગ કરવો નહી.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

-:: માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો ::-

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો.સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી ૭-દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનિય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. વડોદરા શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજ નું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પરવાનગી મેળવીને ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ક.૦૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાત્રીના ક.૨૨:૦૦ થી વહેલી સવારના ક.૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/ વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :-ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક.૨૨:૦૦ ના જગ્યાએ ક.૨૪:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/ અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ:-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહીં.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરનાં પોલીસ અધિકારી ધ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

૧૪. ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્યો માંથી નંબર-૬(છ) ઉપર દર્શાવેલ કૃત્યોમાં કોઈપણ સંજોગોમાં કોઈપણ છુટછાટ મળશે નહી અર્થાત તમામ સંજોગોમાં સાઉન્ડ લિમિટર લગાવવાનુ રહેશે.

આ જાહેરનામા હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદાર, મેનેજર, સંચાલકની વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૦/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.

ક્રમાંક :G/CP/વિ.શા./ચાર કરતા વધુ જાહેરનામું/૧૩૮૪/૨૦૨૫.–વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતીમાં આગામી દિવસોમાં તહેવારો તથા જુદી- જુદી શોભાયાત્રાઓ અને ધરણા, રેલીઓના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. અને ભુતકાળમાં આતંકવાદી હુમલાનો બનાવ બનવા પામેલ છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહી થવા ઉપર ને કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરુર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રુએ વડોદરા શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

-: પ્રતિબંધિત કૃત્યો :-

વડોદરા પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે, ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહી. તેમજ કોઈ સભા ભરવી કે, બોલાવવી નહી અને કોઈપણ જાતની સભા -સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

-: અપવાદ :-

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા સ્મશાન યાત્રાને, લગ્નના વરઘોડાને લાગુ પડશે નહિ.

-:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::-

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત આ હુકમનો અમલ તારીખ:૧૩/૦૩/૨૦૨૫ના કલાક ૦૧:૦૦ થી તારીખ:૨૭/૦૩/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા હે.કો અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ-૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૦/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ના ૨૨નાં અધિનિયમની કલમ - ૩૭(૧) અન્વયે.

ક્રમાંક :G/CP/વિ.શા./હથિયાર બંધી જાહેરનામું/૧૩૮૫/૨૦૨૫.–વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેર પોલીસ કમિશનર હુકુમત વિસ્તારમાં બનતાં ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂકનો ઉપયોગ થાય છે, અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી હુકમ કરૂ છુંકે નીચે જણાવેલ વિસ્તારમાં તા.૧૩/૦૩/૨૦૨૫ના કલાક:૦૧/૦૦ થી તા.૨૭/૦૩/૨૦૨૫ ના કલાક:૨૪/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

-: પ્રતિબંધિત કૃત્યો :-

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ચપ્પુ, ખંજર, તથા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવના ચોક્કસ કારણ સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, તથા સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ સ્ફોટક ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(ઘ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના, અથવા નાંખવાના યંત્રો અથવા કે સાધનો લઈ જવા અંગે એકત્રીત કરવા અથવા તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેચાણ કરવા ઉપર.

(છ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવા ઉપર.

(જ) વ્યક્તિ, અથવા તેના શબ, અથવા આકૃતિઓ અથવા પૂતળા બાળવા/લટકાવવા/દેખાડવા કે પૂતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બૂમો પાડવા, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવા ઉપર.

(ઠ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા, દેખાડવાની અથવા ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:: વિસ્તાર ::-

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: અપવાદ :-

આ હુકમનો ખંડ-(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય, તેવી વ્યકિતને લાગુ પડશે નહી.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૦/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ એકટ સને-૧૯૫૧ ની કલમ- ૬૩(એ)(૨) અન્વયે કાઢેલ.

ક્રમાંક :G/CP/વિ.શા./જાહેરનામું/૧૩૮૬/૨૦૨૫.–(૧)ભૂતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ઉપર આતંકવાદીઓ સૈન્યનો ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, તેમજ બનાસકાંઠા જિલ્લામાં પણ બે વ્યક્તિઓ સૈન્ય ગણવેશ પહેરી ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતાં પકડાયેલા અને આ સિવાય અગાઉ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

(૨) રાજયમાં વિવિધ શહેર/જીલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ઉપયોગ થવાનો સંભવ હોય છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. જેથી આ બાબતે સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

(૩) જેથી સૈન્ય તથા સશસ્ત્ર દળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૮,૨૦૪ અને ૨૦૫ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોના વેચાણ ભાડે,ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને અનિવાર્ય હોય, જેથી આ સબંધેનું જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૬૩ (એ)(૨) થી મળેલ સત્તાની રૂએ વાસ્તે હું નરસિમ્હા કોમર, I.P.S., પોલીસ કમિશનર,વડોદરા શહેર આથી હુકમ કરૂ છુ. વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેના ઉપયોગ ઉપર સબંધિત પોલીસ સ્ટેશનમાં જરૂરી માહિતી આપ્યા સિવાય પ્રતિબંધ ફરમાવુ છુ.

જેથી શસ્ત્ર દળોનો ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણ/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરૂરી માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે તેમજ તે અંગેનું રજીસ્ટર વેચાણ કરનાર વ્યક્તિ/સંસ્થાએ નિભાવવાનું રહેશે.

ભાડે/વેચાણ લઈ જનારની વિગત						સાધનોની વિગત		વિગત		ભાડે લઈ જનારની સહિ
અ.નં	ભાડે/વેચાણ લેનારનું નામ, સરનામુ.	મો.નં.	હેતુ	વિસ્તાર	આઈ.ડી. પ્રુફની વિગત	વિગત	સંખ્યા	ભાડે આપ્યાની તારીખ	સમય	

-: અમલવારીનો સમય :-

આ જાહેરનામાનો અમલ તા.૧૩/૦૩/૨૦૨૫ના કલાક ૦૧:૦૦ થી તા.૨૭/૦૩/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ સુધીનો રહેશે.

-: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: અપવાદ :-

જે વ્યક્તિઓ ભારત સરકારના સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતાં હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓને આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યક્તિઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

-: શિક્ષા :-

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૪૩(એ)(૨) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરનો દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ-૧૪૩(એ)(૨) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૦/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક :G/CP/વિ.શા./અનઅધિ.વ્યક્તિ જાહેરનામું/૧૩૮૭/૨૦૨૫.–પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જીલ્લા કલેકટરશ્રીની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતા હોય છે તાજેતરમાં કેટલાંક બનાવો ઉપરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

જેથી હું નરસિમ્હા કોમાર I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે,

પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં જેવી કે જીલ્લા કલેકટરની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે, તેમજ જયાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી વડોદરા શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય, તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ અનઅધિકૃત વચેટીયા કામ કરતા ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: અમલવારીનો સમય :-

આ જાહેરનામાનો અમલ તા.૧૩/૦૩/૨૦૨૫ના કલાક ૦૧:૦૦ થી તા.૨૭/૦૩/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

-: અમલવારીનો વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હુકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: શિક્ષા :-

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ અને ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫ ની કલમ.(૩) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટમાં વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તેમજ જી.પી.એક્ટ કલમ.૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા.૧૦/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(BNSS-૨૦૨૩) કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક :G/CP/વિ.શા./પરીક્ષા જાહેરનામું/૧૪૯૭/૨૦૨૫.–વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.૨૩/૦૩/૨૦૨૫ ના ક.૧૦/૦૦ થી ક.૧૬/૦૦ દરમ્યાન ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ(ગુજકેટ) પરીક્ષા વડોદરા શહેર વિસ્તારમાં કુલ-૪૧ કેન્દ્રો ઉપર લેવામાં આવનાર છે. જે સ્કુલ/ હાઈસ્કુલોમાં પરીક્ષા લેવામાં આવનાર છે. તે કેન્દ્રોની યાદી નીચે મુજબ છે.

આ પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતીઓ ન થાય પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ પરીક્ષાના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષાઓમાં ગેરરીતીઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવાનો જરુરી જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર જીલ્લા શિક્ષણાધિકારીની કચેરીનાં -પત્ર ક્રમાંક: ક-૭/ગુજકેટ/પરીક્ષા/૨૦૨૫/૧૪૮૫ તા.૦૭/૦૩/૨૦૨૫ ના આધારે તથા ગુજરાત સરકારના ગૃહ ૧-૨જીજી/૬/$૬/૧૦૮૮/૬,૭૫૦/મ જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને મદદનીશ પોલીસ કમિશ્નર ને એકઝી.મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય, તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે (પરીક્ષાના દિવસો દરમિયાન) નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું,

-: કૃત્યો :-

(૧) વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો (સ્કુલ / હાઈસ્કુલ) માં પરીક્ષા લેવાનાર છે જે-તે પરીક્ષા કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તા.૨૩/૦૩/૨૦૨૫ રોજ ક.૦૮/૦૦ થી ક.૧૮/૦૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઈ પણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન,વાયરલેસ, સ્માર્ટવોચ, બ્લુટુથ કેમેરા લેપટોપ સાહિત્ય વિગેરે લઈ જવા ઉપર, કે ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

(૨) પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમા ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી,

(૩) પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટરના અંતરમા ઝેરોક્ષ, ફોટોકોપી, પ્રિન્ટીંગની દુકાનો ચાલુ રાખી શકાશે નહી.

(૪) પરીક્ષા સ્થળની આજુબાજુ લાઉડ સ્પિકર વગાડી શકાશે નહી.

(૫) પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાઈ નહી તે માટે સવારે ક.૦૮/૦૦ થી ૧૮/૦૦ કલાક દરમ્યાન ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૬) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમયાન બિનઅધિકૃત વ્યકતિઓ પ્રવેશ કરી શકશે નહી.

-વિસ્તાર:-

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ ગુજકેટ પરીક્ષા કેન્દ્રની શાળાઓ /હાઈસ્કુલની વિગત નીચે મુજબ છે.

અ.નં.	પરીક્ષા	પો.સ્ટે.
૧	યુનિવર્સિટી એક્ષપેરીમેન્ટલ સયાજીગંજ વડોદરા.	સયાજીગંજ
૨	બરોડા હાઈસ્કુલ, જુ-૨ એકસપ્રેસ હોટલ સામે, નુતનભારત સોસા. અલકાપુરી વડોદરા.	સયાજીગંજ
૩	વિઠ્ઠલ વિદ્યાલય, વિક્રમ સારાભાઈ માર્ગ વડી વાળી, ગેંડા સર્કલ ની બાજુમાં વડોદરા	સયાજીગંજ
૪	ગંગાબાઇ સાર્વજનિક હાઈસ્કુલ છાણી સોખડારોડ વડોદરા.	છાણી
૫	સત્ય નારાયણ વિધાલય, લક્ષ્મીપુરા રોડ ગોરવા, વડોદરા.	લક્ષ્મીપુરા
૬	ગુજરાત રિફાઈનરી અંગ્રેજી મીડીયમ સ્કુલ રીફાઈનરી ટાઉશીપ જવાહરનગર વડોદરા.	જવાહરનગર
૭	તેજશ વિધાલય, ઈલોરાપાર્ક આત્મજયોતિ આશ્રમરોડ સુભાનપુરા વડોદરા.	ગોરવા
૮	એલેમ્બિક વિધ્યાલય, એલેમ્બિક કોલોની, ગોરવા વડોદરા.	ગોરવા
૯	વિધાકૂંજ વિધાલય, વિશ્વામીત્રી વડોદરા.	રાવપુરા
૧૦	બરોડા હાઈસ્કુલ સિનિયર પોલોગ્રાઉન્ડ, બગીખાના વડોદરા	નવાપુરા
૧૧	કેળવણી ટ્રસ્ટ વિધાલય અકોટા, મ્યુનિ. સ્ટેડીયમ જુના પાદરા રોડ વડોદરા.	અકોટા
૧૨	શબરી વિદ્યાલય સૈયદ વાસણા રોડ, વિધુતનગર વડોદરા.	અકોટા
૧૩	ઉત્કર્ષ વિધાલય,લાયન્સ હોલ પાસે, ગદાપુરા, હરીનગર, ગોત્રીરોડ, વડોદરા	અકોટા
૧૪	વિદ્યુત બોર્ડ વિદ્યાલય, અંગ્રેજી માધ્યમ સ્કુલ જુનાપાદરા રોડ વડોદરા.	અકોટા
૧૫	વિદ્યુત બોર્ડ વિદ્યાલય,	અકોટા
૧૬	ગાયત્રી વિધાલય, વિનોબા આશ્રમ ગાયત્રીનગર રોડ વડોદરા	ગોત્રી

અ.નં.	પરીક્ષા	પો.સ્ટે.
૧૭	રામેશ્વર વિદ્યાલય નવનાથ સોસાયટી ગોત્રી વડોદરા	ગોત્રી
૧૮	સંત કબીર સ્કુલ અંગ્રેજી માધ્યમ વાસણા રોડ, વડોદરા.	ગોત્રી
૧૯	શ્રી સયાજી હાઈસ્કુલ, ઘડીયાળીપોળ, માંડવી, વડોદરા	વાડી
૨૦	સ્વામી વિધ્યાનંદજી વિદ્યાવિહાર ગીતા મંદિર, પ્રતાપનગર રોડ વડોદરા.	વાડી
૨૧	સ્વામી વિવેકાનંદ વિદ્યાલય મહેશ કોમ્પલેકસ પાસે પરીવાર ચાર રસ્તા વડોદરા	પાણીગેટ
૨૨	શ્રી અંબે વિદ્યાલય, બાપોદ જકાતનાકા વાઘોડીયા રોડ વડોદરા.	કપુરાઈ
૨૩	લાલ બહાદુર શાસ્ત્રી વિધાલય, હનુમાન મંદિર ની બાજુમા મકરપુરા વડોદરા.	મકરપુરા
૨૪	બરોડા હાઈસ્કુલ O.N.G.C.ટાઉનશીપ મકરપુરા રોડ વડોદરા.	મકરપુરા
૨૫	શ્રેયસ વિદ્યાલય રજનીકાન્ત જાની માર્ગ માંજલપુર નાકા, વડોદરા.	મકરપુરા
૨૬	ન્યુ ઈરા હાઈસ્કુલ, નોવિનો તરસાલી રોડ, મકરપુરા રોડ વડોદરા	મકરપુરા
૨૭	પંચશીલ હાઈસ્કુલ જી.આઈ.ડી.સી.રોડ માંજલપુર વડોદરા	માંજલપુર
૨૮	સરદાર વલ્લભભાઈ વિદ્યાલય, નવજીવન આજવા રોડ વડોદરા.	બાપોદ
૨૯	એસ.એસ.વી.સ્કુલ બાપોદ, ભવન્સ પાર્ટી પ્લોટ પાસે, વાઘોડીયા રોડ વડોદરા	બાપોદ
૩૦	રોયલ હાઈસ્કુલ કમલાનગર તળાવ આજવા રોડ વડોદરા	બાપોદ
૩૧	ગુરૂકુલ વિધાલય, હરણી વારસીયા રીંગ રોડ વડોદરા.	વારસીયા
૩૨	સાધુ વાસવાણી હાઈસ્કુલ ન્યુ વી.આઈ.પી.રોડ પ્રાણાયમ હોસ્પિટલ વડોદરા	વારસીયા
૩૩	જય અંબે સ્કુલ રીધમ હોસ્પિટલની બાજુમાં સમા સાવલી રોડ વડોદરા	હરણી
૩૪	પાર્થ સ્કુલ ઓફ સાયન્સ & કોન્વેટીશન એલ & ટી સર્કલ કારેલીબાગ વડોદરા.	હરણી
૩૫	સર્વ મંગલ સ્કુલ મેટ્રો હોસ્પિટલની બાજુમાં હરણી રોડ વડોદરા	હરણી
૩૬	શ્રી ઉર્વી સ્કુલ, સમા સાવલી રોડ વડોદરા.	સમા
૩૭	નવયુગ ઈંગ્લીશ મિડીયમ સ્કુલ આંદનવન સોસાયટી સમા વડોદરા	સમા
૩૮	લાલ બહાદુર શાસ્ત્રી વિધાલય સંગમ ચાર રસ્તા હરણી વડોદરા	કારેલીબાગ
૩૯	સરદાર વિનય મંદિર કારેલીબાગ વડોદરા.	કારેલીબાગ
૪૦	શ્રી કૃષ્ણ હિન્દી વિધાલય કારેલીબાગ, વડોદરા.	કારેલીબાગ
૪૧	જીવનસાધના વિધાલય, કારેલીબાગ પો.સ્ટે. સામે વડોદરા.	કારેલીબાગ

-: અપવાદ :-

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.

પરીક્ષા ફરજમા રોકાયેલ ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડના તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંધન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નર થી અ.હે.કો સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

:-સમયગાળો:-

આ હુકમ પરીક્ષાના દિવસ દરમયાન તા.૨૩/૦૩/૨૦૨૫ ના ક.૦૮/૦૦ થી ક.૧૮/૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ: ૧૯/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(BNSS-૨૦૨૩) કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક :G/CP/વિ.શા. પરીક્ષા જાહેરનામું/૧૫૩૬/૨૦૨૫.-વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.૨૨/૦૩/૨૦૨૫ ના ક.૧૧/૦૦ થી ક.૧૩/૩૦ દરમ્યાન રાજ્ય પરીક્ષા બોર્ડ, દ્વારા કોમન એન્ટરન્સ ટેસ્ટ(CET) પરીક્ષા વડોદરા શહેર વિસ્તારમાં કુલ-૨૬ કેન્દ્રો ઉપર લેવામાં આવનાર છે. જે સ્કુલ/ હાઈસ્કુલોમાં પરીક્ષા લેવામાં આવનાર છે, તે કેન્દ્રોની યાદી નીચે મુજબ છે.

આ પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતીઓ ન થાય પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ પરીક્ષાના મુકત થાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષાઓમાં ગેરરીતીઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવાનો જરૂરી જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર I.P.S, પોલીસ કમિશ્નર વડોદરા શહેર જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, -, વડોદરાના પત્ર ક્રમાંક: ૨૧.૫.બો./CET/પરીક્ષા/૨૦૨૫/૧૯૩૩ તા.૧૯/૦૩/૨૦૨૫ ના આધારે તથા ગુજરાત -સરકારના ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામાં નંબર : જીજી/૬/ફક/૧૦૮૮/૬૭૫૦/મ. જેમાં વડોદરા શહેરનાં પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને મદદનીશ પોલીસ કમિશ્નર ને એકઝી.મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય, તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે (પરીક્ષાના દિવસો દરમિયાન) નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-: કૃત્યો :-

(૧) વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો (સ્કુલ/હાઈસ્કુલ) માં પરીક્ષા લેવાનાર છે જે- તે પરીક્ષા કેન્દ્રોની શાળાઓના પરીક્ષા ખંડની અંદર તા.૨૨/૦૩/૨૦૨૫ રોજ ક,૦૯/૦૦ થી ક.૧૫/૩૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઈ પણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઈલ ફોન,વાયરલેસ, સ્માર્ટવોચ, બ્લુટુથ, કેમેરા,લેપટોપ સાહિત્ય વિગેરે લઈ જવા ઉપર, કે ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામા આવે છે.

(૨) પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમાં ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમા ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી,

(૩) પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટરના અંતરમા ઝેરોક્ષ, ફોટોકોપી, પ્રિન્ટીંગની દુકાનો ચાલુ રાખી શકાશે નહી.

(૪) પરીક્ષા સ્થળની આજુબાજુ લાઉડ સ્પિકર વગાડી શકાશે નહી.

(૫) પરીક્ષાના દિવસે વિજ પુરવઠો ખોરવાઈ નહી તે માટે ક.૦૯/૦૦ થી ક.૧૫/૩૦ કલાક દરમ્યાન ખોદકામ (Digging) કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૬) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમયાન બિનઅધિકૃત વ્યકતિઓ પ્રવેશ કરી શકશે નહીં.

-: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ કોમન એન્ટરન્સ ટેસ્ટ(CET) પરીક્ષા કેન્દ્રની શાળાઓ /હાઈસ્કુલની વિગત નીચે મુજબ છે.

કોમન એન્ટરન્સ ટેસ્ટ (CET) પરીક્ષાના કેન્દ્ર

અ.નં.	પરીક્ષા કેન્દ્ર (સ્કુલનું નામ)	પોલીસ સ્ટેશન
૧	રોઝરી હાઈસ્કુલ (ગુજરાતી માધ્યમ), પ્રતાપગંજ વડોદરા	સયાજીગંજ
૨	આઈશ્રી ખોડીયાર (અંગ્રેજી માધ્યમ) સ્કુલ, અનગઢ, નંદેસરી	નંદસરી
૩	શ્રી નંદેસરી વિધાલય, ૧-ડી, GIDC નંદેસરી ઈંડસ્ટ્રીયલ એસ્ટેટ	નંદેસરી
૪	ગુજરાત પબ્લીક સ્કુલ, છાણી (GSEB), છાણી ટોલ નાકા પાસે, વડોદરા	છાણી
૫	આનંદ વિધાવિહાર, હરીનગર સોસાયટી, સુભાનપુરા ગોત્રી રોડ વડોદરા	ગોરવા
૬	સી.કે. પ્રજાપતિ વિદ્યાલય, વિભાગ-૨, રીફાઈનરી રોડ ગોરવા વડોદરા	ગોરવા
૭	વાકળ વિદ્યાલય, SEC - બાજવા	જવાહરનગર
૮	શ્રી કે.વી. ઈગ્લીશ સ્કુલ, રણોલી (૯ થી ૧૨)	જવાહરનગર
૯	ગુજરાત રીફાઈનરી ઈંગ્લિશ મિડીયમ, ગુજરાત રીફાઈનરી ટાઉનશીપ, જવાહરનગર	જવાહરનગર
૧૦	શ્રેયસ વિધાલય (અંગ્રેજી માધ્યમ), ૧, રાજગુરૂ મહાદેવ માર્ગ, કેવડાબાગ, વડોદરા	નવાપુરા

અ.નં.	પરીક્ષા કેન્દ્ર (સ્કુલનું નામ)	પોલીસ સ્ટેશન
૧૧	કેળવણી ટ્રસ્ટ વિદ્યાલય (અંગ્રેજી માધ્યમ), અકોટા સ્ટેડીયમ પાસે વડોદરા	અકોટા
૧૨	શ્રી એસ.એસ.પટેલ સરસ્વતી વિદ્યામંદીર, બીલ અટલાદરા	અટલાદરા
૧૩	બેસીલ સ્કુલ, તાંદલજા, જે.પી. રોડ, વડોદરા	જે.પી.રોડ
૧૪	ઝેનીથ હાઈસ્કુલ, (ગુજરાતી માધ્યમ), પ્રતાપનગર, ડભોઈ રોડ, વડોદરા	વાડી
૧૫	કીરણ શેઠ્ઠી, સ્વામીનારાયણ ગુરૂકુલ પાસે, વડદલા રોડ	કપુરાઈ
૧૬	અંબે સ્કુલ (ગુજરાતી માધ્યમ), સનસીટી શક્તીનગર, GIDC માંજલપુર, વડોદરા	માંજલપુર
૧૭	બરોડા હાઈસ્કુલ, અશોક કોલોની પાસે દંતેશ્વર, મકરપુરા વડોદરા	મકરપુરા
૧૮	યાંશી હાઈસ્કુલ, રામબાગ સોસાયટી, ૩૯૬/એ દ્વારકેશ બીલ્ડીંગ, મકરપુરા વડોદરા	મકરપુરા
૧૯	માય સાનેન સ્કુલ (ગુજરાતી માધ્યમ), ન્યુ વી.આઈ.પી. રોડ, વડોદરા	બાપોદ
૨૦	એસ.એસ.વી.સ્કુલ (ગુજરાતી માધ્યમ), ભવન્સ પાર્ટી પ્લોટ પાસે, વાઘોડીયા રોડ, બાપોદ	બાપોદ
૨૧	હરીસેવા, ઈશ્વરીબાઈ બુક્ષાણી (અંગ્રેજી માધ્યમ), સંતકવર કોલોની, વારસીયા	વારસીયા
૨૨	ન્યુ ઈરા ગર્લ્સ હાઈસ્કુલ ભુતડી ઝાંપા, કારેલીબાગ પો.સ્ટે. પાસે વડોદરા	કારેલીબાગ
૨૩	સરદાર વિનય મંદીર, કારેલીબાગ વડોદરા	કારેલીબાગ
૨૪	નુતન વિદ્યાલય, કસ્તુરબાનગર સોસા. પાસે, ન્યુ સમા રોડ	સમા
૨૫	નુતન વિધાલય (યુનીટ-૨), કસ્તુરબાનગર સોસા. પાસે, ન્યુ સમા રોડ	સમા
૨૬	બ્રાઈટ ઈંગ્લીશ સ્કુલ, CBSE, હરણી એરપોર્ટ રોડ, વડોદરા	હરણી

-: અપવાદ :-

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.

પરીક્ષા ફરજમા રોકાયેલ રાજ્ય પરીક્ષા બોર્ડના તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

-: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નર થી અ.હે.કો સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

:-સમયગાળો:-

આ હુકમ પરીક્ષાના દિવસ દરમયાન તા.૨૨/૦૩/૨૦૨૫ ના ક.૦૯/૦૦ થી ક.૧૫/૩૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ: ૨૧/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ એકટ સને-૧૯૫૧ ની કલમ- ૬૩(એ)(૨) અન્વયે કાઢેલ.

ક્રમાંક :G/CP/વિ.શા./જાહેરનામું/૧૬૨૫/૨૦૨૫.–(૧)ભૂતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ઉપર આતંકવાદીઓ સૈન્યનો ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, તેમજ બનાસકાંઠા જિલ્લામાં પણ બે વ્યક્તિઓ સૈન્ય ગણવેશ પહેરી ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતાં પકડાયેલા અને આ સિવાય અગાઉ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

(૨) રાજયમાં વિવિધ શહેર/જીલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ઉપયોગ થવાનો સંભવ હોય છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. જેથી આ બાબતે સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

(૩) જેથી સૈન્ય તથા સશસ્ત્ર દળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૮,૨૦૪ અને ૨૦૫ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોના વેચાણ ભાડે,ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને અનિવાર્ય હોય, જેથી આ સબંધેનું જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૬૩ (એ)(૨) થી મળેલ સત્તાની રૂએ વાસ્તે હું નરસિમ્હા કોમર, I.P.S., પોલીસ કમિશનર,વડોદરા શહેર આથી હુકમ કરૂ છુ. વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેના ઉપયોગ ઉપર સબંધિત પોલીસ સ્ટેશનમાં જરૂરી માહિતી આપ્યા સિવાય પ્રતિબંધ ફરમાવુ છુ.

જેથી શસ્ત્ર દળોનો ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણ/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરૂરી માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે તેમજ તે અંગેનું રજીસ્ટર વેચાણ કરનાર વ્યક્તિ/સંસ્થાએ નિભાવવાનું રહેશે.

ભાડે/વેચાણ લઈ જનારની વિગત						સાધનોની વિગત		વિગત		ભાડે લઈ જનારની સહિ
અ.નં	ભાડે/વેચાણ લેનારનું નામ, સરનામુ.	મો.નં.	હેતુ	વિસ્તાર	આઈ.ડી. પ્રુફની વિગત	વિગત	સંખ્યા	ભાડે આપ્યાની તારીખ	સમય	

-: અમલવારીનો સમય :-

આ જાહેરનામાનો અમલ તા.૨૮/૦૩/૨૦૨૫ના કલાક ૦૧:૦૦ થી તા.૧૧/૦૪/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ સુધીનો રહેશે.

-: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: અપવાદ :-

જે વ્યક્તિઓ ભારત સરકારના સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતાં હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓને આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યક્તિઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

-: શિક્ષા :-

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૪૩(એ)(૨) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરનો દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ-૧૪૩(એ)(૨) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૬/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.

ક્રમાંક :G/CP/વિ.શા./ચાર કરતા વધુ જાહેરનામું/૧૬૨૬/૨૦૨૫.–વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતીમાં આગામી દિવસોમાં તહેવારો તથા જુદી- જુદી શોભાયાત્રાઓ અને ધરણા, રેલીઓના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. અને ભુતકાળમાં આતંકવાદી હુમલાનો બનાવ બનવા પામેલ છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહી થવા ઉપર ને કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરુર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રુએ વડોદરા શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

-: પ્રતિબંધિત કૃત્યો :-

વડોદરા પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે, ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહી. તેમજ કોઈ સભા ભરવી કે, બોલાવવી નહી અને કોઈપણ જાતની સભા -સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

-: અપવાદ :-

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા સ્મશાન યાત્રાને, લગ્નના વરઘોડાને લાગુ પડશે નહિ.

-:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::-

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત આ હુકમનો અમલ તારીખ:૨૮/૦૩/૨૦૨૫ના કલાક ૦૧:૦૦ થી તારીખ:૧૧/૦૪/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા હે.કો અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ-૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૨૬/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક :G/CP/વિ.શા./અનઅધિ.વ્યક્તિ જાહેરનામું/૧૬૨૭/૨૦૨૫.–પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જીલ્લા કલેકટરશ્રીની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતા હોય છે તાજેતરમાં કેટલાંક બનાવો ઉપરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

જેથી હું નરસિમ્હા કોમાર I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે,

પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં જેવી કે જીલ્લા કલેકટરની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે, તેમજ જયાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી વડોદરા શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય, તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ અનઅધિકૃત વચેટીયા કામ કરતા ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: અમલવારીનો સમય :-

આ જાહેરનામાનો અમલ તા.૨૮/૦૩/૨૦૨૫ના કલાક ૦૧:૦૦ થી તા.૧૧/૦૪/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

-: અમલવારીનો વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હુકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: શિક્ષા :-

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ અને ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫ ની કલમ.(૩) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટમાં વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહરેનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તેમજ જી.પી.એક્ટ કલમ.૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા.૨૬/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ના ૨૨નાં અધિનિયમની કલમ - ૩૭(૧) અન્વયે.

ક્રમાંક :G/CP/વિ.શા./હથિયાર બંધી જાહેરનામું/૧૬૨૮/૨૦૨૫.–વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેર પોલીસ કમિશનર હુકુમત વિસ્તારમાં બનતાં ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂકનો ઉપયોગ થાય છે, અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી હુકમ કરૂ છુંકે નીચે જણાવેલ વિસ્તારમાં તા.૨૮/૦૩/૨૦૨૫ના કલાક:૦૧/૦૦ થી તા.૧૧/૦૪/૨૦૨૫ ના કલાક:૨૪/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

-: પ્રતિબંધિત કૃત્યો :-

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ચપ્પુ, ખંજર, તથા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવના ચોક્કસ કારણ સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, તથા સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ સ્ફોટક ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(ઘ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના, અથવા નાંખવાના યંત્રો અથવા કે સાધનો લઈ જવા અંગે એકત્રીત કરવા અથવા તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેચાણ કરવા ઉપર.

(છ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવા ઉપર.

(જ) વ્યક્તિ, અથવા તેના શબ, અથવા આકૃતિઓ અથવા પૂતળા બાળવા/લટકાવવા/દેખાડવા કે પૂતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બૂમો પાડવા, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવા ઉપર.

(ઠ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા, દેખાડવાની અથવા ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:: વિસ્તાર ::-

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: અપવાદ :-

આ હુકમનો ખંડ-(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય, તેવી વ્યકિતને લાગુ પડશે નહી.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૬/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

:: જાહેરનામું ::

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ એક્ટ કલમ ૩૩(૧), ૩૭(૧) (એફ) અન્વયે કાઢેલ. :

ક્રમાંક :G/CP/વિ.શા./ ધ્વનિ પ્રદૂષણ જાહેરનામું/૧૬૨૯/૨૦૨૫.–વડોદરા શહેરમાં કોઈ પણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરુરી છે.

દરેક માઈક સીસ્ટમવાળા.એ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં.ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા.૧૪/૦૫/૨૦૧૦થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા.૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

:: નોઈઝ સ્ટાન્ડર્ડ ::

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ક.૦૬:૦૦ થી રાત્રીના ક.૨૨:૦૦	રાત્રીના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬: ૦૦
એ	ઔદ્યોગીક	૭૫	૭૦
બી	વાણિજય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તા.૧૧/૦૧/૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આર્કષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬:૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

-:: હુકમ ::-

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S. પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/ એમ. અન્વયે જે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૪ નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનર શ્રી, સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓને એકઝી.મેજી.તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:અમલવારીનો સમય:-

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૨૮/૦૩/૨૦૨૫ના કલાક:૦૧-૦૦ થી તા.૧૧/૦૪/૨૦૨૫ના કલાક: ૨૪-૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

-: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રી હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

-: પ્રતિબંધિત કૃત્ય :-

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર વડોદરા શહેરના પોલીસ કમિશ્નરની હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહી.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો /ગીતોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/ કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ર્ડડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ર્ડડ હોવુ જોઈએ તે જોતા ડી.જે.સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો નો અને જોગવાઈ ઓનો ઉલંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

૫. વાહનોમાં સાઉન્ડ લિમિટરના ઉપયોગ વગર સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવી નહી.

૬. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૯ના નોટિફિકેશન નં-GPCB/LGL: NGT:GENERAL:115(2)/528796 મુજબ કોઈપણ ઉત્પાદક/વેપારી/દુકાનદાર/વાહન-ચાલક/કોઈપણ એજન્સી કે વ્યકતિએ સાઉન્ડ લિમિટર (ધ્વનિ નિયંત્રક) વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડ સ્પીકર/સાઉન્ડ સિસ્ટમનુ વેચાણ/ખરીદી/સપ્લાય કે ઉપયોગ કરવો નહી.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

-:: માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો ::-

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો.સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી ૭-દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનિય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. વડોદરા શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજ નું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પરવાનગી મેળવીને ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ક.૦૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાત્રીના ક.૨૨:૦૦ થી વહેલી સવારના ક.૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :-ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક.૨૨:૦૦ ના જગ્યાએ ક.૨૪:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/ અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ:-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહીં.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરનાં પોલીસ અધિકારી ધ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

૧૪. ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્યો માંથી નંબર-૬(છ) ઉપર દર્શાવેલ કૃત્યોમાં કોઈપણ સંજોગોમાં કોઈપણ છુટછાટ મળશે નહી અર્થાત તમામ સંજોગોમાં સાઉન્ડ લિમિટર લગાવવાનુ રહેશે.

આ જાહેરનામા હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદાર, મેનેજર, સંચાલકની વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૨૬/૦૩/૨૦૨૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

નરસિમ્હા કોમાર,
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

હંગામી જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી મુજબનું

ક્રમાંકઃટ્રાફિક/મેટ્રો રેલ/જાહેરનામું/૩૭૮૬/૨૦૨૫ સુરત શહેર ખાતે મેટ્રો રેલ બનાવવાનું કામકાજ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જે અનુસંધાને GUJARAT METRO RAIL CORPORATION (GMRC) LIMITED નાઓ દ્વારા પર્વત પાટીયાથી કબુતર સર્કલ તરફ જતા રોડ ઉપર લોચર એસેમ્બલ મુકવાની કામગીરી તથા GSS ની કામગીરી કરનાર હોય સદર કામગીરી દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા સરળ ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પર્વત પાટીયાથી કબુતર સર્કલ તરફ જતા રોડ ઉપર જાહેરનામા પ્રસિધ્ધ થયે તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૫ સુધી તમામ પ્રકારનાં ભારે વાહનોની અવર-જવર ઉપર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જનહિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

અ.નં.	પ્રતિબંધિત રુટ	વૈકલ્પિક રુટ
૦૧	પર્વત પાટીયાથી કબુતર સર્કલ તરફ જતા રોડ ઉપર તમામ પ્રકારના ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધિત રહેશે.	(૧) કબુતર સર્કલ તરફ જવા માટે કંગારુ સર્કલ તરફથી પર્વત પાટીયા તરફ આવતા વાહનો ચિરાયુ હોસ્પીટલથી પર્વતગામ થઈ સરદાર વલ્લભભાઈ ચોક (સ્વીટ વોટર સર્કલ) થઈ કબુતર સર્કલ તરફ તથા ભાઠેના ફલાય ઓવરબ્રિજ તરફ જઈ શકશે.
		(૨) પર્વત પાટિયાથી વાહનો આઈમાતા ચોક થઈ કબુતર સર્કલ જઈ શકશે.
		(૩) પર્વત પાટિયાથી વાહનો આઈમાતા ચોક થઈ સમ્રાટ વિધાલય સુધી જઈ શકશે.

અપવાદ

ફરજ પરનાં પોલીસ વિભાગના વાહનો, આવશ્યક સેવાના વાહનો, ફાયર,એમ્બ્યુલન્સ, SMCના વાહનો અને સરકારી તમામ વાહનોને અવર-જવર કરવા માટે પ્રતિબંધનો બાધ લાગશે નહી.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ જાહેરનામું પ્રસિધ્ધ થયે તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૦૨/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમસિંહ ગહલૌત
પોલીસ કમિશ્નર
સુરત શહેર

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ જાહેરનામું

ન.એમએજી/વશી/૫૦૨/૨૦૨૫ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, છોટાઉદેપુરના પત્ર જા નં. ગુજકેટ/૨૦૨૫/૧૫૭૪-૧૫૭૫, તા.૧૨/૦૩/૨૦૨૫ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી ૨૩મી માર્ચ-૨૦૨૫ ના રોજ લેવાનાર ગુજરાત કોમન એન્ટ્રેન્સ (GUJCET) ની પરીક્ષા નીચે પરિશિષ્ટ -''A''મા જણાવ્યા મુજબના કુલ-૦૪ સ્થળો ખાતે તા.૨૩/૦૩/૨૦૨૫ ના રોજ સવારે ૯:૩૦ કલાક થી બપોરના ૧૬ : ૦૦ કલાક દરમિયાન યોજાનાર છે. ઉકત પરીક્ષા કેન્દ્રો પર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તથા કોઈપણ પ્રકારની ગેરરીતિઓ સિવા શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા લેવાય તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬ નું જાહેરનામું બહાર પાડવા માટે દરખાસ્ત રજુ કરેલ છે.

પરિશિષ્ટ -''A''

	ગુજકેટ પરીક્ષા માર્ચ-૨૦૨૫
અ.નં.	પરીક્ષા સ્થળનું નામ
૧	૨
૧	એસ.એફ.હાઉસ્કૂલ, છોટાઉદેપુર યુનિટ-૧
૨	એસ.એફ.હાઉસ્કૂલ, પ્રાઈમરી, છોટાઉદેપુર યુનિટ-૨

૩	શ્રીમતી મણીબેન પટેલ કન્યા વિધાલય
૪	ઈકબાલ હાઈસ્કુલ

ઉપર મુજબના પરીક્ષા સ્થળોએ પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે તેમજ પરીક્ષાના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષામાં ગેરરીતિઓ અટકાવવા માટે જાહેરહિતમાં પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, શૈલેષ ગોકલાણી, GAS, અધિક મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર , માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવું છું.

છોટાઉદેપુર જિલ્લામાં ઉપરના પરિશિષ્ટ-''A'' માં જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર ગુજકેટ પરીક્ષા તા.૨૩/૦૩/૨૦૨૫ ના રોજ યોજાનાર છે તે (૧) પરીક્ષા ખંડની અંદર તથા ચારેય બાજુ ૧૦૦ મીટર વિસ્તારમાં કોઈ જાહેર કે ખાનગી સ્થળે કોઈપણ વ્યકિતએ સેલ્યુલર ફોન , હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેશ ફોન, મોબાઈલ ફોન વિગેરે લઈ જવા ઉપર, (૨) ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા તથા (૩) પરીક્ષાર્થીઓને ખલેલ પડે તે રીતે કોઈ અન અધિકૃત વ્યકિતઓ એકત્રીત થવા તથા કેન્દ્રોમાં પ્રવેશ કરવા કે વાહન લઈ જવા પર પ્રતિબંધ તેમજ (૪) પરીક્ષા સ્થળોની આસપાસના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે લાઉડસ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ.

વિસ્તાર

છોટાઉદેપુર જિલ્લામાં ઉપરના પરિશિષ્ટ-''A'' માં જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો અને તેની ચારેય બાજુ ૧૦૦ મીટરનો વિસ્તાર.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૨૩/૦૩/૨૦૨૫ ના રોજ અમલમાં રહેશે

(૧) કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસરની ફરજો બજાવવા દરમિયાન સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેશ ફોન, મોબાઈલ ફોન તથા વાયરલેશ વગેરે સાધનોનો ઉપયોગ કરી શકાશે.

(૨) કેન્દ્રના સંવાહકશ્રીઓ, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિઓ, ખંડ નિરિક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેના નિરિક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓ.

સજા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંધન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યકિતઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે, તેના ઉલ્લેખની સાથેસાથ અધિકૃત અમલદારે પોતાની ફરીયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ કલમો હેઠળ કાર્યવાહલ કરવામાં આવે છે.

આજ તા.૧૭/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

ન.એમએજી/વશી/૫૩૨/૨૦૨૫ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, છોટાઉદેપુરના પત્ર જાનં.પરચ/CET પરીક્ષા-૨૦૨૫/૧૬૪૬, તા.૧૮/૦૩/૨૦૨૫ ના રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૨૨/૦૩/૨૦૨૫, શનિવારના રોજ CET (કોમન એન્ટ્રેન્સ એકઝામ) ની કુલ-૫૩ પરીક્ષા સ્થળો ખાતે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તથા કોઈપણ ગેરરીતિઓ સિવાય શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા લેવાય તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું પ્રસિધ્ધ કરવા માટે દરખાસ્ત રજુ કરેલ છે.

CET (કોમન એન્ટ્રેન્સ એકઝામ) ૨૦૨૫ માટેના પરીક્ષા કેન્દ્રોની વિગત			
ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ	અ.નં.	પરીક્ષા સ્થળનું નામ
૧	૨	૩	૪
૧	છોટાઉદેપુર	૧	એસ.એફ.હાઈસ્કુલ યુનિટ-૦૧
		૨	એસ.એફ.હાઈસ્કુલ પ્રાઈમરી યુનિટ-૦૨
		૩	ડોન બોસ્કો હાઈસ્કૂલ છોટાઉદેપુર
		૪	ઈકબાલ હાઈસ્કૂલ
		૫	શ્રીમતી મણીબેન પટેલ કન્યા, વિધાલય
		૬	સ્ત્રી અધ્યાપન મંદિર, છોટાઉદેપુર
		૭	સનરાઈઝ ઈંગ્લિશ મીડીયમ સ્કુલ, છોટાઉદેપુર
		૮	યુનાઈટેડ પબ્લિક સ્કુલ, છોટાઉદેપુર
૨	તેજગઢ	૧	એ એન પંચોલી હાઈસ્કૂલ, તેજગઢ યુ-૧
		૨	એ એન પંચોલી હાઈસ્કૂલ, તેજગઢ યુ-૨
		૩	આદર્શ નિવાસી શાળા (કુમાર) તેજગઢ
૩	પુનિયાવાટ	૧	મોડેલ સ્કુલ છોટાઉદેપુર
૪	ઝોઝ	૧	શ્રી ઉત્તર બુનિયાદી વિધાલય ઝોઝ
		૨	સરકારી માધ્યમિક શાળા, ઓડ
૫	કવાંટ	૧	શ્રી કવાંટ ઈંગ્લિશ હાઈસ્કૂલ કવાંટ યુ-૧
		૨	શ્રી કવાંટ ઈંગ્લિશ હાઈસ્કૂલ કવાંટ યુ-૨
		૩	તાલુકા પ્રાથમિક શાળા, નં. કવાંટ
		૪	ડોન બોસ્કો હાઈસ્કૂલ, કવાંટ
૬	ગોજારીયા	૧	મોડેલ હાઈસ્કૂલ ગોજારીયા યુ-૧
		૨	મોડેલ હાઈસ્કૂલ ગોજારીયા યુ-૨
		૩	G.L.R.S. મોગરા
૭	રૂમડીયા	૧	મોડેલ ડે સ્કુલ, રૂમડીયા
૮	પાનવડ	૧	પ્રાથમિક શાળા, પાનવડ
૯	ખાંટીયાવાંટ	૧	એસ.જી.પટેલ સાર્વજનિક હાઈસ્કુલ, ખાંટીયાવાંટ
૧૦	સંખેડા	૧	ડી બી પારેખ, સંખેડા યુનિટ-૧
		૨	ડી બી પારેખ, સંખેડા યુનિટ-૨
૧૧	બહાદરપુર	૧	શ્રી ડી એસ હાઈસ્કુલ, બહાદરપુર યુ-૧
૧૨	ભાટપુર	૧	સાર્વજનિક હાઈસ્કુલ, ભાટપુર
૧૩	બોડેલી	૧	નવજીવન હાઈસ્કૂલ
		૨	ખત્રી વિધાલય, બોડેલી યુનિટ-૧

	બોડેલી	૩	ખત્રી વિધાલય, બોડેલી યુનિટ-૨
		૪	શેઠ એચ.એચ. શિરોલાવાલા હાઈસ્કૂલ જુની બિલ્ડિંગ યુ-૧
		૫	શેઠ એચ.એચ. શિરોલાવાલા હાઈસ્કૂલ જુની બિલ્ડિંગ યુ-૨
		૬	શેઠ એચ.એચ. શિરોલાવાલા યુનિટ-૧ હાઈસ્કુલ ન્યુ બિલ્ડિંગ
		૭	માય શાનેન સ્કુલ (નવજીવન કેમ્પસ), બોડેલી
૧૪	ચલામલી	૧	મા અમરત બા ભગત સ્કુલ ચલામલી યુ-૧
૧૫	કોસિન્દ્રા	૧	શ્રી ટી.વી.વિધાલય, કોસિદ્રા
૧૬	પાવીજેતપુર	૧	શ્રીમતી વી આર શાહ સાર્વજનિક હાઈસ્કૂલ, પાવીજેતપુર યુ-૧
		૨	શ્રીમતી વી આર શાહ સાર્વજનિક હાઈસ્કૂલ, પાવીજેતપુર યુ-૨
૧૭	ભેંસાવાહી	૧	આદિવાસી માધ્યમિક શાળા, ભેંસાવાહી યુ-૧
		૨	આદિવાસી માધ્યમિક શાળા, ભેંસાવાહી યુ-૨
૧૮	ભીખાપુરા	૧	શ્રી ભીખાપુરા આદિવાસી સા. હાઈસ્કૂલ યુ-૦૧
		૨	શ્રી ભીખાપુરા આદિવાસી સા. હાઈસ્કૂલ યુ-૦૨
		૩	હરીઓમ વિધામંદિર, ભીખાપુરા
૧૯	શિથોલ	૧	શ્રી શાસ્ત્રી વિધાલય, શિથોલ
૨૦	નસવાડી	૧	શ્રીમતી એસ બી સોલંકી વિધામંદિર, નસવાડી યુ-૧
		૨	શ્રીમતી એસ બી સોલંકી વિધામંદિર, નસવાડી યુ-૨
		૩	શ્રીમતી એસ બી સોલંકી વિધામંદિર, નસવાડી (અ.મા.)
		૪	આદર્શ નિવાસી કુમાર શાળા, નસવાડી
		૫	શ્રી ગાયત્રી વિધામંદિર, ધામસિયા
૨૧	ગઢબોરીયાદ	૧	સ્વ.એસ.એલ.સુરતી વિધાલય, ગઢબોરીયાદ
૨૨	તણખલા	૧	શ્રીમતી ઝેડ ટી.પટેલ સાર્વજનિક વિધાલય, તણખલા
		૨	શાળા નિવાસી શાળા, તણખલા

ઉપર મુજબના પરીક્ષા સ્થળોએ પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિઓ ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી પરીક્ષા આપી શકે, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે તેમજ પરીક્ષાના મુકત, ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરીક્ષામાં ગેરરીતિઓ અટકાવવા માટે જાહેરહિતમાં પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું, શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલલા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર , માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજયામાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવવું છું.

કુતયો

છોટાઉદેપુર જિલલામાં ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર CET (કોમન એન્ટ્રેન્સ એકઝામ) ની પરીક્ષા યોજાનાર છે તે (૧) પરીક્ષા ખંડની અંદર તથા ચારેય બાજુ ૧૦૦ મીટર વિસતારમાં કોઈ જાહેર કે ખાનગી સથળે કોઈપણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેશ ફોન, મોબાઈલ ફોન વિગેરે લઈ જવા ઉપર, (૨) ઝેરોક્ષ મશીન ચાલુ રાખવા તથા (૩) પરીક્ષાર્થીઓને ખલેલ ન પડે તે રીતે કોઈ અનઅધિકૃત વ્યકિતઓ બિનજરૂરી એકત્રીત થશે નહિ. કેન્દ્રોમાં પ્રવેશ કરવા નહિ કે વાહન લઈ જશે કે આવશે નહિ તેમજ (૪) પરીક્ષા સ્થળોની આસપાસના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે લાઉડસ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ.

વિસ્તાર

છોટાઉદેપુર જિલ્લામાં ઉપરના પત્રકમાં જણાવ્યાં મુજબના પરીક્ષા કેન્દ્રોની ચારેય બાજુ ૧૦૦ મીટરનો વિસ્તાર.

સમયગાળો

આ જાહેરનામું તા.૨૨/૦૩/૨૦૨૫ ના રોજ અમલમાં રહેશે

અપવાદ

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસરની ફરજો બજાવવા દરમયાન સેલ્યુલર ફોન, હેનડસેટ, વોકીટોકી, કોર્ડલેશ ફોન, મોબાઈલ ફોન તથા વાયરલેશ વગેરે સાધનોનો ઉપયોગ કરી શકાશે.

(૨) કેન્દ્રના સંવાહકશ્રીઓ, સંચાલકો, સ્થળ સંચાલકો, ઝોન પ્રતિનિધિ, ખંડ નિરિક્ષકો, વોટરમેન, બેલમેન તથા ઓળખપત્ર આપવામાં આવેલ હોય તેના નિરિક્ષણ ટુકડીઓ સહિતના તમામ અધિકૃત કર્મચારીઓ.

સજા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંધન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યકિતઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે, તેના ઉલ્લેખની સાથેસાથ અધિકૃત અમલદારે પોતાની ફરીયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ કલમો હેઠળ કાર્યવાહલ કરવામાં આવે છે.

આજ તા.૧૯/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ જાહેરનામું

ન.એમએજી/વશી/૫૬૩/૨૦૨૫ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,છોટાઉદેપુરના પત્ર જાનં.પરચ/CGMS પરીક્ષા-૨૦૨૫/૧૭૧૧, તા.૨૪/૦૩/૨૦૨૫ ના રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૨૯/૦૩/૨૦૨૫, શનિવારના રોજ CGMS (મુખ્ય મંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ)ની કુલ-૫૩ પરીક્ષા સ્થળો ખાતે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તથા કોઈપણ ગેરરીતિઓ સિવાય શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા લેવાય તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું પ્રસિધ્ધ કરવા માટે દરખાસ્ત રજુ કરેલ છે.

CET (કોમન એન્ટ્રેન્સ એકઝામ) ૨૦૨૫ માટેના પરીક્ષા કેન્દ્રોની વિગત			
ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ	અ.નં.	પરીક્ષા સ્થળનું નામ
૧	૨	૩	૪
૧	છોટાઉદેપુર	૧	એસ.એફ.હાઈસ્કુલ યુનિટ-૦૧
		૨	એસ.એફ.હાઈસ્કુલ પ્રાઈમરી યુનિટ-૦૨
		૩	ડોન બોસ્કો હાઈસ્કૂલ છોટાઉદેપુર
		૪	ઈકબાલ હાઈસ્કૂલ
		૫	શ્રીમતી મણીબેન પટેલ કન્યા, વિધાલય
		૬	સ્ત્રી અધ્યાપન મંદિર, છોટાઉદેપુર
		૭	સનરાઈઝ ઈંગ્લિશ મીડીયમ સ્કુલ, છોટાઉદેપુર
		૮	યુનાઈટેડ પબ્લિક સ્કુલ, છોટાઉદેપુર

૨	તેજગઢ	૧	એ એન પંચોલી હાઈસ્કૂલ, તેજગઢ યુ-૧
		૨	એ એન પંચોલી હાઈસ્કૂલ, તેજગઢ યુ-૨
		૩	આદર્શ નિવાસી શાળા (કુમાર) તેજગઢ
૩	પુનિયાવાટ	૧	મોડેલ સ્કુલ છોટાઉદેપુર
૪	ઝોઝ	૧	શ્રી ઉત્તર બુનિયાદી વિધાલય ઝોઝ
		૨	સરકારી માધયમિક શાળા, ઓડ
૫	કવાંટ	૧	શ્રી કવાંટ ઈંગ્લિશ હાઈસ્કૂલ કવાંટ યુ-૧
		૨	શ્રી કવાંટ ઈંગ્લિશ હાઈસ્કૂલ કવાંટ યુ-૨
		૩	તાલુકા પ્રાથમિક શાળા, નં. કવાંટ
		૪	ડોન બોસ્કો હાઈસ્કૂલ, કવાંટ
૬	ગોજારીયા	૧	મોડેલ હાઈસ્કૂલ ગોજારીયા યુ-૧
		૨	મોડેલ હાઈસ્કૂલ ગોજારીયા યુ-૨
		૩	G.L.R.S. મોગરા
૭	રૂમડીયા	૧	મોડેલ ડે સ્કુલ, રૂમડીયા
૮	પાનવડ	૧	પ્રાથમિક શાળા, પાનવડ
૯	ખાંટીયાવાંટ	૧	એસ.જી.પટેલ સાર્વજનિક હાઈસ્કુલ, ખાંટીયાવાંટ
૧૦	સંખેડા	૧	ડી બી પારેખ, સંખેડા યુનિટ-૧
		૨	ડી બી પારેખ, સંખેડા યુનિટ-૨
૧૧	બહાદરપુર	૧	શ્રી ડી એસ હાઈસ્કુલ, બહાદરપુર યુ-૧
૧૨	ભાટપુર	૧	સાર્વજનિક હાઈસ્કુલ, ભાટપુર
૧૩	બોડેલી	૧	નવજીવન હાઈસ્કૂલ
